Virtual Schools

February 2021

## TDSB વર્ચ્યુઅલ માધ્યમિક શાળા પારિવારિક સમાચારપત્ર

જ્યારે આપણે બધા આ પડકારજનક સમયમાંથી પાર પડવાનું ચાલુ રાખીએ છીએ, ત્યારે અમે આશા રાખીએ છીએ કે દરેક વ્યક્તિએ 'ફેમિલી ડે'ના 'લૉંગ વીકએન્ડ'નો આનંદ માણ્યો હશે તથા થોડો સમય આરામ કરવાની અને સાથે મળીને આનંદ માણવાની તક મળી હશે

ક્વાડમેસ્ટર **3** હવે સારી રીતે ચાલી રહ્યું છે અને તે **22** એપ્રિલના રોજ સમાપ્ત થશે. ક્વાડમેસ્ટર **4** એપ્રિલ **23** થી શરૂ થશે અને જૂન **28**ના રોજ સમાપ્ત થશે.

વર્ચ્યુઅલ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ અને સ્ટાફે સારી કામગીરી ચાલુ રાખી છે અને દરેક પસાર થતા મહિના સાથે, અમે વર્ગખંડોમાં નવી અને સર્જનાત્મક શીખવાની તકો અને પ્રવૃત્તિઓ વિશે સાંભળીએ છીએ.

વધુ માહિતી અને અપડેટ માટે, કૃપા કરીને મુલાકાત કરો [www.tdsb.on.ca/virtualschool](www.tdsb.on.ca/virtualschool) અને ટ્વીટર પર ફોલો કરો @tdsbvs.

## COVID સામે મુકાબલા દરમિયાન

આ રોગચાળા દરમિયાન માનસિક આરોગ્ય અને સુખાકારીની ચર્ચા કરવા TDSB માતાપિતા અને સંભાળ રાખનારાઓ 11મી ફેબ્રુઆરીએ, માનસિક આરોગ્ય વ્યાવસાયિકો સાથે જોડાયા હતા. એ પ્રસંગનું જીવંત પ્રસારણ ચૂકી ગયા હોય તેમને માટે. [Watch a recording on the webcast here]

## વર્ચ્યુઅલ મુલાકાત માટે અમારી સાથે જોડાઓ!

**TDSB** પ્રોફેશનલ સપોર્ટ સર્વિસીસના સ્ટાફ સાથે સીધા જ જોડાવ. તમારા બાળક અથવા કિશોરના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને કેવી રીતે મદદ કરી શકાય તે માટે પ્રશ્નો પૂછો અને જવાબો મેળવો.

મંગળવારે, સવારે 10 થી 11
ગુરૂવારે, સાંજે 7 થી 8

## નવા આવેલા વિદ્યાર્થીઓ અને માતાપિતા/સંભાળ રાખનારાઓ માટે મદદ

શાળાઓમાં, વસાહતી કાર્યકરો (SWIS) કે જે SEPT તરીકે પણ ઓળખાય છે તે, કેનેડામાં નવા આવેલા પરિવારો અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શાળાઓના ઉપગ્રહ અને સ્વાગત કેન્દ્રોમાં વસાહતી સેવાઓ પ્રદાન કરે છે. વસાહતી કાર્યકરો વ્યક્તિગત/ કૌટુંબિક સેવાઓ અથવા જૂથ કાર્યક્રમો આપે છે જે સહભાગીઓને શિક્ષણ પદ્ધતિને સમજવામાં અને સફળતાપૂર્વક બદલી કરવામાં અને સ્થાયી થવાની પ્રક્રિયાને વેગ આપવામાં મદદ કરે છે.

વસવાટ અંગેની મદદ માટે કૃપા કરીને મુલાકાત કરો: [www.tdsb.on.ca/New-to-Canada/Settlement-Workers](www.tdsb.on.ca/New-to-Canada/Settlement-Workers).

## માર્ચના વિરામની તારીખોમાં ફેરફાર

શિક્ષણ મંત્રાલયે, COVID-19 નું સામુદાયિક સંક્રમણ ઘટાડવામાં મદદ કરવા, સાર્વજનિક આરોગ્ય અધિકારીઓની સલાહ પર, માર્ચના વિરામમાં વિલંબ કર્યો છે. તે વિરામ હવે **12 થી 16 એપ્રિલ, 2021** નિર્ધારિત કરાયો છે.

## પોતાની જાતે પાસવર્ડ ફરીથી સેટ કરો

બુધવારે 17 ફેબ્રુઆરીએ, આઇટીએ એક નવું 'સેલ્ફ-સર્વિસ પાસવર્ડ રીસેટ ટૂલ' શરૂ કર્યું હતું, જે વર્ચ્યુઅલ સ્કૂલના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પોતાનો TDSB પાસવર્ડ ઝડપથી અને સહેલાઇથી ફરીથી સેટ કરી શકે છે.

આ પહેલ શરૂ થયાના 3 દિવસની અંદર, 96% સ્ટાફ અને વિદ્યાર્થીઓએ 'સેલ્ફ-સર્વિસ પાસવર્ડ રીસેટ ટૂલ' માટે સફળતાપૂર્વક નોંધણી કરાવી છે.

સારા સમાચાર એ છે કે, લગભગ તમામ VSS સ્ટાફ અને વિદ્યાર્થીઓ હવે લોગઇનના તબક્કે પોતાનો પાસવર્ડ ફરીથી સેટ કરી શકશે, પછી ભલે તે તેના Brightspace, Zoom, myINFO વગેરે પર હોય. સ્ટાફ / IT તરફથી કોઇ દરમિયાનગીરી જરૂરી નથી.

## TDSB ઉજવે છે આફ્રિકન હેરિટેજ મહિનો

ફેબ્રુઆરી માસ દરમિયાન ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડને 'આફ્રિકન હેરિટેજ મહિના'ને માન્ય કરવાનો અને ઉજવવાનો ગર્વ છે. કેનેડા અને વિશ્વમાં આફ્રિકન વંશના લોકોની ઘણી સિદ્ધિઓ અને યોગદાનની ઉજવણી કરવાનો આ પ્રસંગ હોય છે. 2020-2021 માટે પસંદ કરેલી થીમ છે ***કુજીચાગુલિયા: આત્મનિર્ધારણ***. વધુ જાણો. Learn more.

## TDSB ઉજવે છે ચાઇનીઝ હેરિટેજ મહિનો

ટોરન્ટો ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડને ફેબ્રુઆરી માસમાં 'ચાઇનીઝ હેરિટેજ મહિના' (CHM) ને માન્યતા આપવા બદલ ગર્વ છે. આ વર્ષ **બળદનું વર્ષ છે: વફાદાર, પ્રામાણિક, જવાબદાર, સખત-પરિશ્રમી અને તાર્કિક.** ચંદ્રનું નવું વર્ષ વસંતના ઉત્સવ તરીકે પણ ઓળખાય છે અને તે ચંદ્ર કેલેન્ડરની પ્રથમ તિથિથી શરૂ થાય છે અને 15 દિવસ પછી ચંદ્ર કેલેન્ડરની પ્રથમ પૂનમ પર સમાપ્ત થાય છે. વધુ જાણો. Learn more

## વિશિષ્ટ શિક્ષણની અદ્યતન માહિતી

વર્ચ્યુઅલ સેકન્ડરી સ્કૂલ (VSS) માં MID અથવા DD ISP વર્ગમાં સ્થાન મેળવવામાં રસ ધરાવતા પરિવારોએ પ્રથમ તેમની હોમસ્કૂલનો સંપર્ક કરવો જોઈએ. હોમસ્કૂલના વહીવટના એક સભ્ય વર્ચ્યુઅલ માધ્યમિક શાળાના વિશેષ શિક્ષણ વિભાગના એક આચાર્યનો સંપર્ક કરશે. બધી વિનંતીઓને ધ્યાનમાં લેવામાં આવશે પરંતુ વર્ગના કદની મર્યાદાઓ અને ગ્રેડ સ્તરના આધારે તે મર્યાદિત થઇ શકે છે.

હોમ સ્કૂલોએ હાજરીના પ્રશ્નો, PSSPની આવશ્યકતા અને ILPS અને IEPSના વિકાસને ધ્યાનમાં લેવા તેમના વિદ્યાર્થીઓ માટે VSSમાં IST / SST બેઠકો ચાલુ રાખવી જોઈએ.

આગામી 1 માર્ચ, 2021 ના રોજ સાંજે 7 વાગ્યે વિશિષ્ટ શિક્ષણ સલાહકાર સમિતિની બેઠકમાં જોડાઓ. Learn more.

## વર્ચ્યુઅલ પુસ્તકાલયનાં સંસાધનો

શું તમે જાણો છો કે વિદ્યાર્થીઓ ઘરેથી ભણતી વખતે TDSB દ્વારા પૂરા પાડવામાં આવેલ ઇબુક્સ, એન્સાઇક્લોપીડિયા, વિડિઓ અને અન્ય માહિતીને મેળવી શકે છે?

TDSB વર્ચ્યુઅલ લાઇબ્રેરીએ વિદ્યાર્થીના શિક્ષણને મદદ કરવા, ડિજિટલ સંસાધનોને કાળજીપૂર્વક પસંદ કર્યા છે, જે કોઈપણ સમયે, કોઈપણ સ્થળે ઓનલાઇન પ્રાપ્ત કરી શકાય છે.

વર્ચ્યુઅલ લાઇબ્રેરીની રુપરેખા વિદ્યાર્થીઓને આ શોધવામાં મદદ કરે એવી કરવામાં આવી છે:

- **અભ્યાસક્રમ સંબંધિત ઓનલાઇન સંસાધનો / સાધનો કિન્ડરગાર્ટન થી 12** ધોરણ સુધીના વિદ્યાર્થીઓને - પ્રોજેક્ટ્સ, હોમવર્કમાં મદદરૂપ થવા અને ઇબુક્સ, આંકડા આધારિત લેખો, પ્રસારિત થતાં માધ્યમો અને ઓનલાઇન સાધનોને વિવિધ સ્વરુપમાં વાંચવા અને જોવા પ્રોત્સાહિત કરવા માટે (જુઓ Read, Watch, Learn અને Find)
- સંશોધન, ગણિતની પ્રેક્ટિસ, રમતો, હોમવર્કની **મદદ માટે વિષયોની લિંક** (જુઓ Find)
- **ઇન્ક્વાયરી** અથવા **રિસર્ચ પ્રોજેક્ટ**ની શરૂઆત કરવાનાં સંસાધનો (જુઓ Inquiry અને Find)
- વાંચનનાં સૂચનો અને **વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક સમીક્ષાઓ** (જુઓ Read અને Just Read It)

વર્ચ્યુઅલ લાઇબ્રેરી www.tdsb.on.ca/library પર અથવા તમારી શાળાના વેબપેજ અથવા તમારા વિદ્યાર્થીના બ્રાઇટસ્પેસ વર્ગખંડ દ્વારા શોધો.

ઘરે વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલ લાઇબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે વધુ માહિતી માટે, ડાબી બાજુના ટૂલબાર પરનું Parent બટન શોધો.

ઘરેથી વર્ચ્યુઅલ લાઇબ્રેરીનાં ઘણાં પૈકીનાં સંસાધનો મેળવવા માટે કૃપા કરીને તમારા બાળકના શિક્ષકને વર્ચ્યુઅલ લાઇબ્રેરી પાસવર્ડ માહિતી પેજ માટે પૂછો.

## વર્ચ્યુઅલ કો-ઓપ પ્રોગ્રામ

આ ક્વૉડમાં અમારી પાસે 300 થી વધુ વિદ્યાર્થીઓ 2-ક્રેડિટ કો-ઓપ પ્રોગ્રામમાં વિવિધ પ્રકારની રુચિઓ અને સ્થાન પ્રાપ્તિની વિનંતીઓ સાથે ભાગ લે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને વર્ચ્યુઅલ રીતે  યોગ્ય સ્થાને ગોઠવવામાં સફળ રહ્યા છે, અને તે પૈકીનાં થોડાંક નામ જોઇએ તો, દંત ચિકિત્સકો, ડિજિટલ માર્કેટર્સ, પ્રાથમિક વર્ગના શિક્ષકો, ઇન્ટીરિયર ડિઝાઇનર, સોફ્ટવેર ટેસ્ટર, ઇવેન્ટ પ્લાનર્સ, આર્કિટેક્ટ્સ અને લોંગ ટર્મ કેર હોમ્સ સાથે કામ કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓ તેમની તકનીકી અને સંશોધન કુશળતામાં સુધારો કરતે કરતે, વર્ચ્યુઅલ વાતાવરણમાં કાર્યકારી વિશ્વ વિશે શીખી રહ્યા છે. તેઓ તેમના રસના ક્ષેત્રમાં મૂલ્યવાન વ્યાવસાયિક સંપર્કો પણ બનાવી રહ્યા છે અને દરરોજ તેમના પોતાના વિશે વધુ જાણી રહ્યા છે!

## કમ્પ્યુટર સાયન્સ અપડેટ

કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગે ક્વાડમેસ્ટર 3 ની શરૂઆત 20 થી વધુ વર્ગો સાથે કરી હતી અને ઘણા વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિશ્વ-વિખ્યાત વૉટરલૂ કેનેડિયન કમ્પ્યુટિંગ સ્પર્ધાની તૈયારી કરી રહ્યા છે, જે વિદ્યાર્થીઓને સમસ્યા-નિરાકરણ અને એલ્ગોરિધમ ડિઝાઇન કુશળતાની ધાર કાઢવાની તક આપે છે જે તેમની કારકિર્દી અને જીવનમાં ઉપયોગી થશે..

અમને ગર્વ છે કે 17 ફેબ્રુઆરીએ, 100 થી થોડાક જ ઓછા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેની તૈયારી ઘણા કમ્પ્યુટર સાયન્સ વર્ગોમાં અને કમ્પ્યુટર ક્લબમાં એકીકૃત કરવામાં આવી હતી. સ્પર્ધા ઉપરાંત, વિદ્યાર્થીઓ જાવા, પાયથોન અને જાવાસ્ક્રિપ્ટ જેવી કેટલીક વાસ્તવિક દુનિયાની પ્રોગ્રામિંગ ભાષાઓ જેવી સમસ્યાઓ કેવી રીતે હલ કરવી તેમજ કેટલીક ગેમ ડિઝાઇન અને ઍપ વિકસાવવાનું શીખી રહ્યા છે. અમે શાળા-વર્ષના બીજા ભાગમાં વિદ્યાર્થીઓને વાસ્તવિક સમસ્યાઓનાં નવીન સમાધાનો શોધવામાં મદદ કરવાનું ચાલુ રાખવા આતુર છીએ!

## VSS બ્લેક સ્ટુડન્ટ એલાયન્સ (BSA)

VSS બ્લેક સ્ટુડન્ટ એલાયન્સની શરૂઆત 2020ના પાનખરમાં VSS વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી જેમણે શિક્ષકો સાથે જોડાણ કર્યું હતું કારણ કે તેઓ બ્લેક હિસ્ટ્રી મહિનાની સભા ઇચ્છતા હતા. વિદ્યાર્થીઓના અવાજ અને હિમાયતની સહાયથી BSAની રચના કરી શકાઇ છે, જેમાં શિક્ષક સલાહકારોએ વિદ્યાર્થીઓ સાથે ગૂગલના વર્ગખંડનો ઉપયોગ કરીને BSA કમ્યુનિટિ બનાવવા માટે કાર્ય કર્યું છે, જેમાં હાલમાં 100થી વધુ વિદ્યાર્થી સભ્યો છે.

BSA (VSS વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંચાલકો સહિતના) શીખનારાઓની એક જીવંત સંસ્થામાં વિકસ્યું છે. અમારા BSA વિદ્યાર્થીઓમાંના એક, Tiyana Alvarado-Rennie એ TDSB -વ્યાપક ઝૂમ મીટિંગ અને પ્રસ્તુતિ દરમિયાન પોતાના અનુભવો સહિયારા કર્યા: *આફ્રિકન હેરિટેજ મહિનો BSA ફોરમ: વર્ચ્યુઅલ બ્લેક સ્ટુડન્ટ એલાયન્સ કેવી રીતે શરૂ કરવું.* VSS BSA એક વેબસાઇટ પણ શરૂ કરી છે જે વિદ્યાર્થીઓને માહિતી, વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વિડિઓ, ઇવેન્ટ્સ અને પોડકાસ્ટ સહિયારા કરવા માટે પ્રોત્સાહિત કરે છે: https://sites.google.com/tdsb.on.ca/vss-black-student-alliance/home.

Tiyana એ અહીં એક સ્ટુડન્ટ ફોરમ પણ બનાવ્યું છે: https://sites.google.com/student.tdsb.on.ca/virtualschoolblackhistorymonth/home.

BSA વિદ્યાર્થીઓ ઇવેન્ટ્સ ટીમ, એનાઉન્સમેન્ટ ટીમ અને એસેમ્બલી ટીમ જેવી સમિતિઓ પર VSS વાતાવરણમાં નેતૃત્વની કુશળતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. શાળા-વર્ષ દરમિયાન BSAના પ્રયત્નોમાં ચાલુ બેઠકો અને ચર્ચાઓ, મહેમાન વક્તાઓ, પ્રસ્તુતિઓ અને અન્ય પહેલનો સમાવેશ થાય છે જે બ્લેક વિરોધી જાતિવાદને પડકાર આપે છે અને નિષ્પક્ષતા, સમાવેશતા અને બ્લેક નિપુણતા અને વિદ્યાર્થીઓની સફળતા, વિદ્યાર્થી અવાજ અને હિમાયત માટે TDSBની પ્રતિબદ્ધતાને આગળ વધારવામાં મદદ કરે છે. BSA બ્લેક ઓળખના અનેક આંતરછેદને સમર્થન અને શોધ કરવાનું ચાલુ રાખશે.

February 2021

BSA એ ઓછા રજૂ થતા અવાજોનું પણ સાથી છે. તાજેતરમાં જ અમે લંચ ટાઇમ ઇવેન્ટમાં VSS GSA સાથે ભાગીદારી કરી હતી, "Black Queer and Trans History" અંગે LeRoi Newbold અને Twsyed Miyake-Mugler સાથે હતા, જેમાં બ્લેક ક્વીયર અને ટ્રાન્સ ઇતિહાસ, સંસ્કૃતિ અને નૃત્ય વચ્ચેના જોડાણોની ચર્ચા કરવામાં આવી હતી.

VSS BSA બ્લેક વિદ્યાર્થીઓને સશક્ત બનાવવા માટે અને વર્ચુઅલ સ્કૂલના વાતાવરણમાં બ્લેક વિદ્યાર્થીઓ વચ્ચે વિદ્યાર્થી નેતૃત્વ, અવાજ અને હિમાયત તૈયાર કરવા માટે સુરક્ષિત એવી વધુ સમાવિષ્ટ જગ્યાઓ બનાવવાનું કાર્ય કરવાનું ચાલુ રાખશે.

## VSS લિંગ અને લૈંગિકતા જોડાણ

વર્ચ્યુઅલ સેકન્ડરી સ્કૂલ જેન્ડર અને સેક્સ્યુઆલિટી એલાયન્સ (VSS GSA)એ વિદ્યાર્થીઓને તકો આપવાનું ચાલુ રાખ્યું છે. અમે 'વિન્ટર વૉર્મ-અપ' મેળાવડા સાથે 2020 નો અંત કર્યો અને 2021ની શરૂઆત 'વેલકમ બૅક' બેઠકથી કરી. ત્યારબાદ અમે 'પ્લાન્ડ પેરેંટહુડ ટોરન્ટો 'ના અતિથિ સાથે 'જાતીય શિક્ષણ પ્રશ્નો અને જવાબો' એ સત્ર પણ યોજ્યું છે.

GSAમાં અમારી પાસે 11 સક્રિય જૂથો છે જે અસાધારણ કાર્ય કરી રહ્યાં છે અને સાપ્તાહિક મળવાનું ચાલુ રાખે છે. આર્ટ્સ ગ્રૂપ ક્લબ માટે પોસ્ટર, લોગો અને ટી-શર્ટ સહિત અનેક પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે. વિકલાંગતા વિદ્યાર્થી જૂથમાં, વિદ્યાર્થીઓ સક્ષમતાવાદને ખોલવા માટે સહાયક વાતાવરણ શોધે છે. વિશ્વાસ / ધર્મ જૂથ ધર્મ વિશે ચર્ચા કરવા સલામત અને સંભાળ રાખનારી જગ્યાઓની આવશ્યકતા અને વિવિધ લિંગ અને લૈંગિકતાની ઓળખ સાથે તેમના ધાર્મિક વ્યવહારના આંતરછેદની શોધ કરી રહ્યા છે.

ફ્રેમ ગ્રુપ એ તમામ મહિલા વિદ્યાર્થીઓ માટે તેમની રુચિઓ અને અનુભવો સહિયારા કરવા માટેનું એક જૂથ છે. પ્રશ્ન કરનારું જૂથ 'ક્વેશ્ચનિંગ ગ્રુપ' એક એવી જગ્યા છે જ્યાં વિદ્યાર્થીઓએ પોતાને લેબલ આપવું પડતું નથી. કલર ગ્રુપની વિદ્યાર્થીનિઓમાં, વિદ્યાર્થીનિઓ સાપ્તાહિક ચર્ચાના વિષયો પસંદ કરે છે અને સમુદાય બનાવવામાં  અને સંસાધનો સહિયારાં કરવામાં સક્ષમ હોય છે. ટ્રાન્સ /નોન-બાઈનરી / જેન્ડરક્વીર ગ્રુપ વર્ચુઅલ સ્કૂલમાં તેઓ જે ફેરફારો જોવા માંગે છે તેના પર ચર્ચા કરે છે.

'વેલનેસ ગ્રૂપ' વિદ્યાર્થીઓને વર્ચુઅલ સ્કૂલ, COVID-19 અને માનસિક તણાવ અને ટ્રાન્સફોબિયાના તણાવમાં પાર પડવા માટેની કુશળતા નિર્માણ કરવામાં મદદ કરે છે. 'ગેમિંગ ગ્રુપ' 'ઑલ્ટરનેટ રિયાલિટી ગેમ' (ARG) પર કામ કરી રહ્યું છે, જેમાં સંગીતનાં ઘટકો સામેલ છે. છેવટે, 'ઍક્ટિવિઝમ ગ્રુપે' બ્લેક હિસ્ટ્રી મહિના માટે  'બ્લેક ક્વીયર અને ટ્રાન્સ હિસ્ટ્રી પર વિશેષ અતિથિઓ LeRoi Newbold અને Twysted Miyake-Mugler સાથે એક પ્રસ્તુતિ રજૂ કરી.

VSS GSA પાસે વર્ષના બાકીના હિસ્સા માટે 'દ્વિ-આત્મા હોવું એ શું છે' પર વર્કશોપ અને જૂનમાં વર્ચુઅલ પ્રાઇડ વીક સહિતની મોટી યોજનાઓ છે! વધુ જાણો અહીં અમારી વેબસાઇટ પર અથવા સોશિયલ મીડિયા પર અમને અનુસરો

https://sites.google.com/tdsb.on.ca/vssgsa, @VSS_GSA (ટ્વીટર) અને @vss.gsa (ઇન્સ્ટાગ્રામ).

## ટોરન્ટો  કમ્યુનિટિ હાઉસિંગ: 'ઇન્વેસ્ટિંગ ઇન અવર ડાઇવર્સિટી સ્કોલરશીપ પ્રોગ્રામ'

શું તમે આ વર્ષે ગ્રેજ્યુએટ થઈ રહ્યા છો? પોસ્ટસેકન્ડરી સ્કૂલ માટે પૈસાની જરૂર છે? ટ્યુશન, પુસ્તકો, ખાદ્યપદાર્થો અને પરિવહનના ખર્ચની વચ્ચે, ઘણા વિદ્યાર્થીઓને 'પોસ્ટસેકન્ડરી સ્કૂલ'નો ખર્ચ પૂરો કરવા માટે પૈસા શોધવાનું મુશ્કેલ થઈ શકે છે.

'ઇન્વેસ્ટિંગ ઇન અવર ડાયવર્સિટી' (IIOD) સ્કોલરશીપ માટે આજે જ અરજી કરો અને તમે ફુલ ટાઇમ પોસ્ટ સેકન્ડરી શિક્ષણ અથવા તાલીમ માટે ટ્યુશન ફી અને સ્કૂલ-સંબંધિત ખર્ચ માટે $4,000 સુધી જીતી શકો છો.

વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો: https://www.torontohousing.ca/iiods.